અપીલ અરજી નં.૮૦ તા.૧–૭–'૦૮.

***અરજદાર*** :શ્રી પ્રતિક વી. મિસ્ત્રી
***સામાવાળા***:ડાયરેકટરઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ મધ્યસ્થ)

# હુકમ:–

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી પ્રતિક વી. મિસ્ત્રીની તા.૨૫–૪–૦૮ ની અરજીથી સલાબતપુરા રીંગરોડ પર આવેલ વોર્ડ નં.૩ ના નોંધ નં.૨૮૮૫/ડ/૧/અ/૮/બ પૈકીના પ્લોટ નં.૩૫ થી ૫૦ પૈકીની જગ્યા પર બાંધવામાં આવેલ શ્રી કૃષ્ણ માર્કેટના નામથી બંધાયેલ બહુમાળી ઈમારતના બાંધકામ અંગેના મંજુર પ્લાનની પ્રમાણિત નકલ તેમજ સદર જગ્યા ઉપર બાંધકામ કરવા અંગે આપવામાં આવેલ રજાચિઠ્ઠી નં.બસર/૩૮૭ તા.૧૫–૩–૮૬ ની પ્રમાણિત નકલ આપવા બાબત.

***સંદર્ભ*** **:**–અરજદાર મજકુરની તા.૧–૭–'૦૮ ની અપીલ અરજી નં.૮૦/–૦૮–૦૯

શ્રી પ્રતિક વી. મિસ્ત્રીની તા.૨૫–૪–૦૮ ની અરજીથી સલાબતપુરા રીંગરોડ પર આવેલ વોર્ડ નં.૩ ના નોંધ નં.૨૮૮૫/ડ/૧/અ/૮/બ પૈકીના પ્લોટ નં.૩૫ થી ૫૦ પૈકીની જગ્યા પર બાંધવામાં આવેલ શ્રી કૃષ્ણ માર્કેટના નામથી બંધાયેલ બહુમાળી ઈમારતના બાંધકામ અંગેના મંજુર પ્લાનની પ્રમાણિત નકલ તેમજ સદર જગ્યા ઉપર બાંધકામ કરવા અંગે આપવામાં આવેલ રજાચિઠ્ઠી નં.બસર/૩૮૭ તા.૧૫–૩–૮૬ ની પ્રમાણિત નકલ આપવા બાબતે કરેલ માહિતી માંગણીના સંતોષકારક જવાબ મળેલ ન હોવાનું જણાવી તેમજ જાહેર માહિતી અધિકારીના પત્ર નં.ટીડીઓ/૭૦૫ તા.૨૩–૫–૦૮ થી રેકર્ડ ઉપલબ્ધ ન હોવાના આપેલ જવાબથી નારાજ થઈ માંગ્યા મુજબના સબ પ્લોટ વિનાની અસ્પષ્ટ અને ઉડાઉ માહિતી આપ્યાનું જણાવી એપેલેટ ઓફિસરને તા.૧–૭–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો, આપેલ માહિતીમાં ઈન્કાર,વિલંબ/વિસંગતતા બાબતે સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૮૮ તા. ૫–૭–૦૮ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ મધ્યસ્થ) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને નં.ટીડીઓ/૧૪૧૧ તા.૧૪–૭–૦૮ થી અત્રેના વિભાગને પૂરક માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેની સાથે તેમની કક્ષાએથી અરજદારને પાઠવેલ માહિતી પત્રની નકલ તથા રેકર્ડ નિયમની નકલ અત્રે મોકલેલ છે. વિગતો જોતાં અરજદારની પ્લોટ નં.૩૫ થી ૫૦ ની માહિતી માંગણી સામે જાહેર માહિતી અધિકારી ધ્વારા પ્લોટ નં.૩૫ થી ૪૦ માટે માહિતી આપવામાં આવેલ છે. તેમજ રેકર્ડ વર્ગીકરણની યાદી જોતાં કક્ષા–સી માં આઈટમ નં.૨૧ તથા ૨૨ માં અનુક્રમે રજાચિઠ્ઠીના કાગળો તેમજ પ્લોટ લે–આઉટ મંજુરીને લગતાં કાગળોનો નિર્દેશ છે. પ્લાન તેમજ રજીસ્ટરનો ઉલ્લેખ તેમાં જણાતો નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારે મુળ અરજીથી પ્લાનની વિગત પણ માંગેલ હોઈ પ્લાન બાબતે અરજદારને પ્લોટ નં.૩૫ થી ૫૦ માટે ઉપલબ્ધ દફતરી માહિતી પૂરી પાડવા અગર દફતર વર્ગીકરણના નિયમો હેઠળ તેના નિકાલ અંગેની આધારભુત માહિતી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૭ –૦૮.

ડે.***કમિશનર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧)ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી,(શહેર વિકાસ મધ્યસ્થ)..... જાણ તથા અમલમાટે
(૨) શ્રી પ્રતિક વી. માસ્ત્રી,